RNI NO. GUJGUJ/2015/64872

SINCE - 1968

ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-1, Issue No-12 | Ahmedabad, Tuesday 05/07/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

આ અંકમાં શું વાંચશો?

હિમાચલ પ્રદેશ ૨

જીવનશૈલી બદલો,
સફળતા પામો 3

સાચી મિત્રતા ૪

બોટલમાં સમુદ્ર ૫

મહારાણા પ્રતાપ ૮

યોગ દિવસ ૧૨

હવે શું થશે?

હાશ, પરિક્ષાઓ પતી, પરિણામ આવી ગયું, સારી રીતે પાસ થઈ ગયા...... પણ હવે આગળ શું થશે?

આ વાત આ પરિસ્થતિ માત્ર વિદ્યાર્થીઓની જ નહીં પરંતુ તમામની છે. આપણને સૌને એમ જ લાગે છે કે હવે આગળ શું થશે, પરંતુ એક સનાતન સિધ્ધ વાત છે કે જેનો વર્તમાન સારો તેના ત્રણેય કાળ સારા. જેનો ભુતકાળ સારો, તેનો વર્તમાન કાળ સારો અને તેનો અવશ્ય ભવિષ્કાળ સારો જ હોય. તેનો અર્થ એ થયો કે વર્તમાનમાં જીવો, ભવિષ્યની ચિંતા લઈને વર્તમાનને બગાડવાની જરૂર નથી, જે ભવિષ્યમાં થનાર છે તે તો થવાનું જ છે. માટે હવે આગળ શું થશે તેની ચિંતા રાખ્યા વગર આજની આ પળને એન્જોય કરો.

એક નાના ઉદાહરણથી સમજાવવાનો એક નાનકડો પ્રયાસ કરીને આગળ વાત કરીએ તો વધુ સ્પષ્ટ થશે. એક વખત અમો અમારા ફેમીલી સાથે સિંગાપોર ફરવા ગયા, સમુદ્ર બીચની નજીક આવેલ એક સરસ હોટલના પ્રાંગણમાં બેઠા હતા સમી સાંજનો સમય હતો, હાથમાં ફ્રેશ જ્યુશનો પ્યાલો હતો સાથે પરિવારના સ્ભ્યો હતા. તેમાં મારી નાની દિકરી બોલી.... પપ્પા, કાલે સાંજે તો આપણે પાછા એ જ ઘાટલોડીયામાં. એ જ છાણના પોદળા વાળા રસ્તા ઉપર હઈશું ને....

મિત્રો, ખરેખર એ સમય જે બીચ ઉપર સાંજની ખિલેલી સંધ્યાને માણતા માણતા જ્યુશ પીવાને બદલે એ પોદળાનો વિચાર કરીને આપણે આપણા વર્તામાનમાં ક્યાંક તો ના હકના, ભવિષ્યકાળ કે ભુતકાળની ઘટનાઓને વાગોળીને સાચુ અને સારૂં જીવી શકતા નથી.

મિત્રો, બસ કેટલીક સમજણો એવી હોય છે કે જે આપણને કલીક થઈ જાય તો જીવન જીવંત બની જાય. જો હું એક વિદ્યાર્થી છું તો આજથી જ હું એક આદર્શ વિદ્યાર્થી તરીકે મારા ઉજ્જવળ ભવિષ્ય માટે કોઈપણ જાતની ચિંતાનો ભાર રાખ્યા વગર આજ થી જ હું સ્વેચ્છાએ ભાર વગરનું ભણતર શરૂ કરીશ. મારા મનઘડત મનના ભારણોને ખોટા ખોટા ઉંચકવાના બંધ કરીને. સાચા અસ્તિત્વને ઉજાગર કરવા માટે હું હવે જાગૃત થઈ ગયો છું અને આવનાર ભવિષ્યના મારા પરિણામ દ્વારા તે સિદ્ધ કરી બતાવીશ.

ઉપરાંત હું મારી ફરજ અને જવાબદારી સમજીને મને મળેલ સમયનો સારામાં સારો ઉપયોગ કરીને મારે આજે કરવાના કાર્યને આજે જ કરીને એક ટાઈમ મેનેજમેન્ટ અને આયોજન જેવી તમામ બાબતોને પણ મારા જીવનમાં સમાવિષ્ટ કરીને એક આયોજીત જીવન બનાવીશ. જેથી હું મારા શૈક્ષણિક જીવન ઉપરાંત મારા સામાજીક જીવનને પણ તે ઉજાગર કરે તેવું બનાવવાનો આજથી જ પ્રયત્ન કરીશ તેવી ખાતરી આપું છું. આ લેખ વાંચ્યા પછી જો ખરેખર હું એક નવી પ્રેરણાને પામ્યો હોઉ તો એક કમીટમેન્ટ જાહેર કરો. જેથી તમો તેને વળગી રહી શકે.

મારી સફળતા એ કેવળ મારી જ સફળતા નથી. આ સફળતાથી તમે પોતે તો સફળ થશો જ પણ સાથે સાથે તમારા વર્ગ, તમારી શાળા, તમારું પરિવાર તમારો સમાજ પણ એટલો જ તમારા આ ફેરફારથી આગળ વધશે. તે વિચાર માત્રથી પણ તમે વધુ અભિપ્રેરિત થશો.

નરેન્દ્ર રાઠોડ
સેક્રેટરી ટુ ડાયરેક્ટર જનરલ,
સ્પીપા, અમદાવાદ

‘ઇન્ડિયન એરફોર્સ ડે’

મહિલાઓની નવી ઉડાન - મહિલાઓ ચલાવશે ફાઈટર પ્લેન

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના હિંદોન ખાતે ભારતીય વાયુસેનાના ૮૩માં સ્થાપના દિવસની ઉજવણી કરી. આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા વાયુસેનાધ્યક્ષ એરચીફ માર્શલ અરૂપ રાહાએ કહ્યું કે, નજીકના ભવિષ્યમાં જ ઇન્ડિયન એરફોર્સમાં મહિલામાં ફાઇટર પાયલોટ તરીકે જોવા મળશે.

વાયુસેનાધ્યક્ષ એરચીફ માર્શલ અરૂપ રાહાએ કહ્યું કે, ભારતની યુવાન મહિલાઓની આકાંક્ષાને પૂર્ણ કરવા માટે વાયુસેના તેમના ફાઇટર સ્ટ્રિમમાં સામેલ કરવા જઇ રહી છે. મહિલાઓ વાયુસેનાના પરિવહન વિમાનો અને હેલિકોપ્ટરો તો ચલાવે જ છે. પણ હવે તેઓ ફાઇટર જેટ પણ ઉડાડશે.

ફાઇટર પ્લેન ઉડાડવું એ એક ચેલેઝીંગ જોબ છે. કારણ કે મહિલાઓ લાંબા સમય સુધી ફાઇટર પ્લેન ઉડાડવા માટે ફિટ નથી હોતી. બીજુ નેવીની વાત કરીએ તો ત્યાં મહિલાઓ વોરશિપ્સ પર નથી જઇ શકતી, આર્મીમાં પણ મહિલાઓ યુદ્ધ સમયે નથી જઇ શકતી. પણ હવે સમય બદલાયો છે. અને ફિજિકલ ફિટનેશ વધવામાં ટેકનિક પણ મદદ કરી રહી છે. અરૂપ રાહાએ આર્મી મેડીકલ કોર્પ્સના સેમીનારમાં સંબોધન કરતા આ વાત કહી હતી અને વાયુસેનામાં મહિલા ફાઇટર પાયલોટને સ્થાન આપવાના પ્રસ્તાવને મંજૂરી આપવા બાળ સંરક્ષણમંત્રીનો આભાર માન્યો હતો.

ઘોઘામાં ચાલુ સત્રથી નવી કોલેજનો પ્રારંભ

ભાવનગર જિલ્લાના ઘોઘા ખાતે સરકારી કોલેજને મંજુરી અને ગ્રાંટ ફાળવતા ચાલુ સત્રથી શિક્ષણનો પ્રારંભ થયો છે. પ્રાથમિક શાળા ખાતે શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવનાર હોઇ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા સંચાલકો દ્વારા જણાવાયું છે.

આર્થિક અને શૈક્ષણિક રીતે ઘોઘા પંથક પછાત ગણવામાં આવે છે ત્યારે ઉચ્ચ શિક્ષણ મેળવવા માગતા વિદ્યાર્થીઓ માટે આનંદના સમાચાર એ છે કે ચાલુ સત્રથી શૈક્ષણિક કાર્ય આરંભ કરવામાં આવ્યું છે. તળાજા વિનિયન કોલેજના ઇન્ચાર્જ ડો. મારુતીની યાદી પ્રમાણે સરકાર દ્વારા સૌરાષ્ટ્રને નવી ફાળવેલ નવ કોલેજો પૈકીની એક કોલેજ ઘોઘા જિલ્લાને ફાળવી છે. વિનિયન અને વાણિજ્ય કોલેજને મંજુરી મળી હોય એફ.વાય. (બીસીએસ સેમેસ્ટર – ૧) માં પ્રવેશ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. શહેરની પ્રાથમિક શાળા ખાતે કોલેજનું શૈક્ષણિક કાર્ય શરૂ થયુ.

ઈજનેરીમાં ગત વર્ષની સરખામણીએ ૮ હજાર વિદ્યાર્થીઓ ઘટયા

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા બી.ઇ. અને બી.ટે.ક.ના અભ્યાસક્રમની ઓનલાઇન રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે. ચાલુ વર્ષે ૪૭૮૫૬ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જે ગત વર્ષની સરખામણીમાં અંદાજે ૯ હજાર જેટલા ઓછા વિદ્યાર્થીઓ નોંધાયા છે. ૭૧ હજાર બેઠકોની સરખામણીમાં ૨૦ હજાર જેટલી બેઠકો ખાલી રહેવાની શક્યતા છે. ગત ૨૯ મે થી બી.ઇ અને બી.ટે.ક.ના અભ્યાસક્રમો માટેની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. જેના માટે શહેરની દેના બેંકની વિવિધ બ્રાન્ચોમાં બુકલેટ અને પિન વિતરણ કામગીરી હાથ ધરાઇ હતી. આ વર્ષે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે ત્યારે હવે ૨૪ જૂનના રોજ ફાઇનલ મેરિટ જાહેર કરવામાં આવ્યું. બાદ જૂલાઇમાં મેરિટના આધારે પ્રવેશ ફાળવણી હાથ ધરાશે.

ગુજરાત યુનિવર્સિટી ફિલ્મ ડિરેક્શનનો કોર્સ ભણાવશે

ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ હવે ફિલ્મ ડિરેક્શનનો અભ્યાસ કરી શકશે. તે માટે અભિનેતા વિવેક ઓબેરોયના ફાઉન્ડેશન સાથે યુનિવર્સિટી દ્વારા ટુંક સમયમાં કરાર કરવામાં આવશે. આ કોર્ષ શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગ સાથે ચલાવવામાં આવશે. વિવેક ઓબેરોય ફાઉન્ડેશન દ્વારા થોડા સમય પહેલા ફિલ્મ ડિરેક્શન કોર્સ યુનિવર્સિટીમાં શરૂ કરવા માટે રિકવેસ્ટ આવી હતી. જેના પરથી તેની સાથે મિટીંગ ગોઠવવામાં આવી હતી. કોર્સની માહિતી મળ્યા બાદ લાગ્યુ કે આ કોર્સ શરૂ કરવાથી વિદ્યાર્થીઓને નોકરીની ઉત્તમ તકો ઉભી થશે. કારણ કે, અત્યારે જે પ્રકારની નોકરીની બાબતોમાં સ્પર્ધા ચાલી રહી છે તે જોતા આવા કોર્સ શરૂ કરવાથી વિદ્યાર્થીઓ માટે વધારે તકો ઉભી થઇ શકે છે. જેથી આ કોર્સ શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે. જેના માટે હજુ એક મિટીંગ થઇ છે.

ગુજરાત યુનિ.એ સ્વનિર્ભર બી.કોમ., બીબીએ, બીસીએ કોલેજોની ફીમાં વધારો કર્યો

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીકોમ, બીબીએ અને બીસીએની સેલ્ફફાઇનાન્સ કોલેજોમાં રૂપિયા ૧૫૦૦થી લઇને ૪૦૦૦ સુધીનો ફી વધારો આવ્યો છે. જેમાં ગ્રામ્ય વિસ્તારની ૩ કોમર્સ કોલેજોમાં રૂપિયા ૧૫૦૦ના વધારા સાથે ૮,૫૦૦ ફી કરવામાં આવી છે. જ્યારે શહેરી વિસ્તારની ૧૨ કોમર્સ કોલેજોએ પણ ૧૫૦૦ રૂપિયા વધારી ૭૦૦૦ની જગ્યાએ ૯૫૦૦ ફી કરી છે. બીસીએની ૮ કોલેજોની ફીમાં ૪ હજારનો વધારો કરી ૨૨ હજાર ફી કરવામાં આવી છે. જ્યારે ગ્રામ્યની ૩ બીબીએ કોલેજોમાં બે હજારનો વધારો કરી ૧૬ હજાર ફી તથા શહેરની ૭ બીબીએ કોલેજોમાં ૪ હજારનો વધારો કરી ૧૮ હજાર ફી કરવામાં આવી છે. સુત્રો જણાવે છે કે, સતત મોંઘવારી વધી રહી હોવાને કારણે કોલેજો દ્વારા ફી રેગ્યુલેટરી કમિટીને રજુઆત કરવામા આવી હતી. જેથી દરેક કોલેજોના ઓડીટ રીપોર્ટ તપાસ્યા બાદ ફી વધારો આપવામાં આવ્યો છે.

હિમાચલ પ્રદેશ

હિમાચલ પ્રદેશ એ ભારતનું એક રાજ્ય છે. તેનું પાટનગર શિમલા છે. આ રાજ્યનો લગભગ આખોય પ્રદેશ હિમાલય અને શિવાલિક પર્વતમાળાથી છવાયેલો છે. આ પ્રવતોમાં બાકીના ભારતીયોને ઉનાળાના તાપથી બચાવતા વિવિધ પર્યટન સ્થળો આવેલાં છે. આ રાજ્યનું ક્ષેત્રફળ ૨૧,૪૯૫ ચો માઈલ (૫૫,૬૭૦ કિ.મી), જેટલું છે અને તેની સીમા ઉત્તરે જમ્મુ અને કશમીર, પશ્ચિમ અને વાયવ્યે પંજાબ અગ્નિ દિશાએ હરિયાણા અને ઉત્તરાખંડ અને પૂર્વ તિબેટને સ્પર્શે છે.

હિમાચલ પ્રદેશ તેના પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રસિદ્ધ છે. ૧૮૧૪ – ૧૮૧૬ના ગોરખા યુદ્ધ પછી બ્રિટિશ સંસ્થાનવાદી સરકાર સત્તા પર આવી અને ત્યાં અંગ્રેજ શાસન સ્થપાયું. ભારતને સ્વાતંત્રતા મળ્યા બાદ ૧૯૫૦માં હિમાચલ પ્રદેશને કેંદ્રશાસિત પ્રદેશ બનાવાયું. ૧૯૭૧ના હિમાચલ પ્રદેશ કાયદા હેઠળ તેને રાજ્યનો દરજ્જો અપાયો અને તે ભારતનું ૧૮મું રાજ્ય બન્યું. આ રાજ્યના નામનો અર્થ ''હિમાલયના ખોળામાં વસેલ રાજ્ય'' એવો થાય છે. આ રાજ્યનું નામકરણ આ રાજ્યના સંસ્કૃત પંડિત આચાર્ય દિવાકર દત્ત શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

માથાદીઠ આવકમાં હિમાચલ પ્રદેશ ભારતના રાજ્યોમાં ચોથા ક્રમાંકે આવે છે. મોટા પ્રમાણમાં વહેતી બારમાસી નદીઓને કારણે હિમાચલ પ્રદેશમાં જરૂર કરતાં વધુ પ્રમાણમાં જળવિદ્યુત ઉત્પન્ન થાય છે, આ વિદ્યુત શક્તિને દિલ્હી, પંજાબ અને રાજસ્થાનને વહેચવામાં આવે છે. હિમાચલ પ્રદેશની અર્થવ્યવસ્થા જળવિદ્યુત, પ્રવાસન અને ખેતી આધારીત છે.

હિમાચલ પ્રદેશ એ સૌથી ઓછું શહેરીકરણ પામેલું રાજ્ય છે, અહીંની ૯૦% વસ્તી ગામડામાં રહે છે. જોકે શિમલા જિલ્લામાં ૨૫% વસ્તી શહેરી ક્ષેત્રમાં રહે છે. ૨૦૦૫ના ટ્રાન્સપરેન્સી ઇંટરનેશનલન સર્વેક્ષણ પ્રમાણે સૌથી ઓછું ભ્રષ્ટાચાર ધરાવતું કેરળ પછી હિમાચલ પ્રદેશ બીજા ક્રમાંકે આવતું રાજ્ય છે.

શિમલા એ હિમાચલ પ્રદેશની રાજધાની છે. શિમલા એ પહેલાં ભારતના બ્રિટિશ રાજની ઉનાળુ રાજધાની હતી. જિલ્લોએ રાજ્યનું એક પ્રશાસનિક ક્ષેત્ર છે. જિલ્લાના પ્રમુખ અધિકારી ડૅપ્યુટી કમિશનર કે જિલ્લા મેજીસ્ટ્રેટ હોય છે. આ અધિકારી ભારતીય પ્રશાસનિક સેવા (IAS)નો અધિકારી હોય છે. ડૅપ્યુટી કમિશનર કે જિલ્લા મેજીસ્ટ્રેટના હાથ નીચે હિમાચલ પ્રશાસનિક સેવા કે હિમાચલની અન્ય રાજ સેવાના અન્ય અધિકારીઓ કાર્યરત હોય છે. દરેક જિલ્લાને પેટા વિભાગમાં વહેંચી દેવામાં આવે છે જેના વડા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ હોય છે. સબ ડિવિઝનને બ્લોકમાં વિભાજીત કરાય છે. બ્લોકમાં વિવિધ પંચાયતો અને નગર પાલિકાઓ હોય છે. કાયદો અને વ્યવસ્થા સંભાળવાની જવાબદારી ભારતીય પોલીસ સેવાના અધિકારી સંભાળે છે. તેમની નીચે હિમાચલ પોલીસ સેવાના અધિકારીઓ હોય છે. શિમલા એ અહીંની રાજધાની છે. એશિયાની એક માત્ર આઈસ સ્કેટીંગ રીંગ અહીં આવેલી છે.

હિંદી એ હિમાચલ પ્રદેશની સત્તાવાર તથા પ્રચલિત ભાષા છે. જોકે મોટા ભાગના લોકો પહાડી ભાષા પણ બોલે છે. અહીં ૯૫ ટકા લોકો હિંદુ ધર્મ પાળે છે. બાકીનો ભાગ બૌદ્ધ અને શીખ ધર્મ પાળનારાઓનો છે. લાહૌલ અને સિપ્તી ક્ષેત્રના લહૌલી લોકો મુખ્યત્વે બુદ્ધ ધર્મ પાળે છે. શીખો મોટે ભાગે શહેરોમાં મળે છે અને વસ્તીનો ૧.૨૩ % ભાગ ધરાવે છે. અહીં મુસ્લીમોની વસ્તી ૧.૬૩ % જેટલી છે. હિમાચલ પ્રદેશ અહીંના સાહસિક ખેલો માટે પણ જાણીતું છે જેમ કે બીર બિલિંગ અને સોલાંગ વેલી, કુલુમાં રાફ્ટીંગ, શિમલામાં આઈસ સ્કેટીંગ, બિલાસ પુરમાં બોટિંગ અને અન્ય ખેલો જેવા કે પર્વતારોહણ, ઘોડે સવારી, સ્કીઈંગ, માછીમારી વગેરે.



મલેશિયા

મલેશિયા દક્ષિણ પૂર્વ એશિયામાં આવેલો એક ઉષ્ણકટિબંધીય દેશ છે. દક્ષિણી ચીની સમુદ્ર આ દેશને બે ભાગોમાં વિભાજિત કરે છે. મલય ટાપુ પર આવેલ મુખ્ય ભૂમિના પશ્ચિમ કિનારા પર મલક્કાની સમુદ્રધુની અને પૂર્વ કિનારે દક્ષિણી ચીની સમુદ્ર છે. દેશનો બીજો ભાગ જે ક્યારેક પૂર્વ મલેશિયાનાં નામ થી પણ ઓળખાય છે. દક્ષિણી ચીની સાગરનાં બોર્નિયો ટાપુનાં ઉત્તરી ભાગ પર ''મલેશિયા'' આવેલ છે. મલય પ્રાયદ્રિપ પર સ્થિત કૂઆલાલંપુર દેશની રાજધાની છે, પણ હાલમાં જ નંવા બનાવેલા શહેર પૂત્રજયામાં તેનું સ્થાનાંતરણ કરવામાં આવ્યું છે. આ ૧૩ રાજ્યોથી બનેલું અને સંધીય રાજ્ય છે.

મલેશિયામાં ચીની, મલય અને ભારતીય જેવા વિભિન્ન જાતીય સમૂહ વસવાટ કરે છે. અહીંની આધિકારિક ભાષા મલય છે. પણ શિક્ષણ અને આર્થિક ક્ષેત્રમાં ખાસ કરીને અંગ્રેજીનો ઉપયોગ થાય છે. મલેશિયામાં ૧૩૦ થી વધારે બોલિઓ બોલાય છે. જેમાંથી ૯૪ મલેશિયાઇ બોર્નિયામાં અને ૪૦ પ્રાયદ્રીપમાં બોલે છે. જોકે દેશનો સરકારી ધર્મ ઈસ્લામ છે, પણ નાગરિકો ને અન્ય ધર્મો પાળવાની સ્વતંત્રતા છે.

મલેશિયા એ ચીન અને ભારત વચ્ચે આવેલું પ્રાચીન કાળનું વ્યાપારિક કેન્દ્ર હતું. જ્યારે અહિંયા યુરોપીય પ્રજાનું આગમન થયું ત્યારે તેમણે મલક્કાને મહત્વપૂર્ણ વ્યાપારી બંદર બનાવ્યું. સમય જતાં મલેશિયા બ્રિટિશ સામ્રાજ્યનું એક ઉપનિવેશ બની ગયું. તેનો પ્રાયદ્રીપીય ભાગ ૩૧મી ઓગસ્ટ,૧૯૫૭ના દિવસે ફેડરેશન મલાયાના રૂપે સ્વતંત્ર થયો હતો. ઇ.સ. ૧૯૬૩માં મલાયા, સિંગાપુર અને બોર્નિયા જેવા પ્રદેશો સાથે મળી મલેશિયા બન્યો. ઇ.સ. ૧૯૬૫માં સિંગાપુર શહેર અલગ થઈને પોતાને સ્વતંત્ર જાહેર કર્યું.

મલેશીયાની રાજધાની કૂઆલાલંપુર છે. પરંતુ વધતી જતી જરૂરિયાતોનો ધ્યાનમા રાખી કૂઆલાલંપુરથી અડધા કલાકના સફર પછી પ્રશાસનિક રાજધાની પુત્રજયાને બનાવવામાં આવી છે. આ એટલી ભવ્ય છે કે એને જોઈને સહસ વિશ્વાસ નથી થતો કે કોઈ પણ સરકારી કામ આટલા ઓછા સમયમાં કેવી રીતે પૂર્ણ થઇ શકે?. અહી જીલ પણ બનાવી છે અને આધુનિક સુવિધાઓથી લયને મોટા કન્વેશન સેંટર પણ છે.

મલેશિયાનો સમાજ બહુજાતીય, બહુસાંસ્કૃતિક અને બહુભાષી સમાજ છે. અહીં મલય અને અન્ય દેશી જનજાતી ૬૫ ટકા જેટલી છે. તથા ચીની ૨૫ ટકા અને ૭ ટકા ભારતીયો શામિલ છે. દેશનાં બહુસંખ્યક સમુદાયના રૂપે બધા મલય મુસ્લિમ છે, કારણ કે મલેશિયાઈ કાયદા પ્રમાણે મલય થવા માટે મુસ્લિમ હોવું જરૂરી છે. મલયો રાજકારણમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. અને મુળ નિવાસી તરીકે તેમની ગણના થાય છે. તેમની મૂળ ભાષા મલય છે.

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

જીવનશૈલી બદલો, સફળતા પામો

આજની ૨૧મી સદીમાં અને સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક માતા-પિતા ઇચ્છે છે કે તેમનું બાળક તેજસ્વી બને, સફળતા મેળવે. અભ્યાસમાં સિધ્ધિઓ હાંસલ કરે અને ઉત્તમ વ્યક્તિત્વનું સ્વામી બને.

ભ્હુ જ સરસ પણ વિચારસો તો ખ્યાલ આવશે કે આપણી લાઇફ સ્ટાઇલ અર્થાત આપણી જીવનશૈલીમાં જે પરિવર્તન આવ્યું છે તેમાંથી કેટલીક બાબતો શિક્ષણને અવરોધે છે.......

ચાલો આવો અવરોધક પરીબળોને વિચારીએ.......

૧. **મોબાઇલ એટલે કે સેલફોનઃ** સેલફોન ખૂબ જ ઉપયોગી સાધન છે. પરંતુ વિદ્યાર્થી અવસ્થામાં તે અનિવાર્ય નથી. છતાં મોટાભાગના હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ સેલફોન લઇને જ ફરવામાં ગૌરવ અનુભવે છે. એમાં SMS, Whatsup, Facebook.... મોકલવા અને વાંચવામાં કેટલો સમય અને શક્તિ બરબાદ કરે છે. મોબાઇલ નાની ઉંમરમાં ઉપયોગી મગજની બીમારી નોતરે છે. બાળકને સાચી સમજ અને સંસ્કાર આપી સેલફોન નિવારીએ. સમય વેડફતો બચાવીએ.

૨. T.V. : T.V. જીવનમાં એટલું ઓતપ્રોત થઇ ગયું છે કે તેને સંપૂર્ણ પણે નકારી ન શકાય પણ કંઇ ન સૂઝે એટલે રીમોટ લઇને બેસી જાય વારંવાર ચેનલો બદલ્યા કરે અને ગમે તે જોયાં કરે તે અયોગ્ય છે. શૈક્ષણિક કાર્યક્રમ, ડીસ્કવરી, જરૂરી માહિતી માટે T.V. આર્શીવાદરૂપ છે. એ રીતે ઉપયોગ કરે ટીવી જોવાનો મર્યાદિત સમય અભ્યાસ કાળમા તો નક્કી હોવો જ જોઇએ.

૩. **ક્રિકેટઃ** રમતો જિંદગીમાં જરૂરી છે. પણ સતત ક્રિકેટ મેચ ગોઠવાતી હોઇ તેના સ્કોર જાણ્યા કરવા અને જોવાનો મોહ રાખવો વ્યક્તિભાવથી ક્રિકેટ મેચ જોયા કરવી તે સમયનો ભયંકર બગાડ છે. ૨૦-૨૦, IPL રમનાર ખેલાડી પોતાની કારકિર્દી બનાવી ચૂકેલ છે. તેમને તો રમવા માટેના લાખો રૂપિયા અને Publicity મળે છે.

૪. **પરિશ્રમઃ** આપણા વડીલોની તંદુરસ્તીનું રહસ્ય શ્રમપ્રધાન જીવન હતું. ચાલીને બધે જવું એ સહજ હતું. તો આજે પણ ચાલીને જવાની ટેવ પાડીએ. દૂર જવું હોય તો Bicycle રાખીએ. જે વિદ્યાર્થી અવસ્થામાં સારી કસરત પણ છે. પ્રદૂષણ મુક્ત છે. સ્ટાઇલ અને મોભો દેખાડવા પ્લસર બાઇક, એકટીવા શા માટે? બાળકમાં આળસુ ટેવ ઉભી કરવા અને પૈસાના પાણી કરવા માટે?

૫. **જંકફૂડઃ** ખોરાકની તો ટેવો જ બદલાઇ ગઇ છે. પ્લાસ્ટિક પાઉચમાં મળતા નાસ્તા કરવાની ટેવ પડી છે. મેગી અને પીઝા એ તંદુરસ્તી હણી છે. ચ્યુંગમ, ચોકલેટોએ, દાંતને બગાડ્યા છે. તવા પરની ગરમ દાબેલી, વડાપાંઉ વગેરે એ તો પાચન શક્તિ બગાડી છે. માટે જ ઘરના દેશી પૈષ્ટિક ભોજન ગોળની તલપાપડી, શીંગપાપડી વગેરેથી આરોગ્યને થતું નુકસાન અવશ્ય અટકાવી શકાય તેમ છે. ખોરાક એવા હોવા જોઇએ જે રોગ પ્રતિકારક શક્તિ વધારે.

૬. **અનિયમિતતાઃ** ટાઇમ મેનેજમેન્ટનો અભાવ બધે જ નુકસાનકર્તા છે. સવારે ઉઠાતું નથી, ખાવાનો સમય નથી રહેતો એ બધુ છોડો અને કુનેહપૂર્વક સુટેવો કેળવો. ચોક્કસ પ્લાનિંગ, સાદો ખોરાક અને પૂરતી ઊંઘ સાથે અભ્યાસ કરો. અનિયમિતતા અને બહાનાબાજી છોડો.

૭. **યોગ-પ્રાણાયામ, હકારાત્મ અભિગમઃ** યોગ-પ્રાણાયામ અપનાવો જેથી તનમનનું સ્વાસ્થય મળે. હકારાત્મક અભિગમથી તનાવ ચિંતા વધશે. પરિણામે યાદશક્તિ અને એકાગ્રતા વધશે.

૮. **બચત અને કરકસરઃ** મોંઘવારીના યુગમાં બચત અને કરકસરની સુટેવો અનિવાર્ય છે. તેથી બાળકોમાં આ અભિગમ કેળવવો એ પણ શિક્ષણનો એક ભાગ છે.

જો આ ચૂકી ગયા તો ભાવિ પેઢી દુઃખી થશે.પ્રિય વાલીગણ, અભ્યાસમાં અવરોધક બાબતો પ્રેમથી અને મક્કમતાથી દૂર કરવાનો પ્રયત્ન કરશો તો બાળકની ગતિવિધી અવશ્ય વધશે....

આમેય બાળકને જોઇએ છે આત્મીયતા, હુંફ, પ્રેમ તે ભરપૂર આપો. જેનાથી તેનો આત્મવિશ્વાસ વધશે. સૌથી મહત્વનું છે કોમ્યુનિકેશન, બાળકની મૂંઝવણો જાણો તેના સાથી અને સહારો બનો.

"અમારા જમાનામાં....." એ વાતો ન કરો વાલી કેટલો ભોગ આપે છે એવી, ચર્ચા પણ ન કરો. બાળકમાં એક બોજની લાગણી જન્મે છે.

આપણા બાળક માટે આપણે જ ટી.વી સિરિયલ, Picture, બિનજરૂરી ટોળાટપ્પાં કે બહાર જવાનું ઓછું કરીએ. ઘરમાં જ શાંત અને પ્રેરણાજનક વાતાવરણ ઊભું કરીએ.

બસ, જીવનશૈલી બદલો,
સફળતા મેળવો.
ઝળહળતી સફળતા
તમારા દ્વારે ઉભી છે.

સથવારા નિમિષા
પ્રિન્સીપાલ, ત્રિપદા હાઇ સ્કૂલ

સફળતાનો સાચો શ્રેય નિષ્ફળતાને

"નિષ્ફળતા એ ફરી વધુ પ્રયત્નપૂર્વક ઝંપલાવવા માટેનું બળ આપે છે"

આ દુનિયામાં બે પ્રકારની વ્યક્તિઓ મળવી અશક્ય છે. એક એ વ્યક્તિ કે જેને ક્યાંય, કોઇ પ્રકારની સફળતા જ ન મળી હોય અને બીજી એવી કે જેને ક્યાંય, કોઇ પ્રકારની નિષ્ફળતા જ ન મળી હોય. આમ, સફળતા અને નિષ્ફળતા બન્ને જીવનના આવશ્યક અને અનિવાર્ય અંગો છે.

નિષ્ફળતા કેટલાક લોકોને ભાંગી નાખે છે, હરાવી દે છે, હંફાવી દે છે. જ્યારે કેટલાક લોકો એવા છે કે જે આ નિષ્ફળતામાં પણ એક તક જુએ છે. નિષ્ફળ અને સફળ વ્યક્તિ વચ્ચે કઇ જાજો ફરક નથી હોતો, કારણકે નિષ્ફળ થયેલ વ્યક્તિ ચોક્કસ સફળતા મેળવી શકે છે અને વારંવાર સફળ થયેલ વ્યક્તિને પણ ક્યારેક નિષ્ફળતા મળે એવું બની શકે છે. ફરક છે માત્ર દ્રષ્ટિકોણનો. નિષ્ફળતાને પચાવી ન શક્તા લોકો દરેક તકમાં નિષ્ફળતા જોતા થઇ જાય છે જ્યારે હકારાત્મક અભિગમ ધરાવતી વ્યક્તિ દરેક નિષ્ફળતામાં તક જુએ છે. આવી વ્યક્તિ નિષ્ફળતાનું વિશ્લેષણ કરે છે. ક્યાં, કેવી રીતે અને શું ખોટું થયું તેની શોધ કરતા હોય છે. આમ નિષ્ફળતા તેમના માટે સફળતા શોધવાનો વિષય બને છે. આ માટે સ્કોટલેન્ડના રાજા રોબર્ટ બ્રુસનું ઉદાહરણ જાણીતું છે. રોબર્ટ બ્રુસને તેના દૂશ્મનોએ હરાવ્યો અને તેનું રાજ્ય છીનવી લીધું. છતાં બધી શક્તિ એકત્રિત કરીને તે ફરી એકવાર લડ્યો. ફરી તેના દુશ્મનોએ તેને હરાવ્યો. છેવટે વારેવારે હારવાથી રોબર્ટ નાસીપાસ થઇ ગયો. અને પોતાના દુશ્મનોથી બચવા તે એક ગુફામાં ભરાઇ બેઠો. ત્યાં તેણે જોયું કે એક કરોળિયો તેના જાળમાંથી નીચે પડ્યો હતો. રોબર્ટને આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે તેણે જોયું કે એ કરોળિયો જ્યાંથી પડ્યો હતો ત્યાંથી જ ચડવાનો પ્રયત્ન કરતો હતો કે તે ભલે વારંવાર પડતો હતો પણ પાછો ત્યાંથી જ ચડતો હતો. આગળની વાત બહુ સ્પષ્ટ છે તેણે પાછા કેટલાક પ્રયત્નો કર્યા અને છેવટે તે પોતાના દુશ્મનોને હરાવીને જ જપ્યો.

આમ સફળતા એ હકારાત્મક અભિગમ, આત્મવિશ્વાસ, લક્ષ્ય નિર્ધારિણ અને મહેનતનો સરવાળો છે.

હકારાત્મક અભિગમ જેટલી જ જરૂરી બીજી બાબત છે આત્મવિશ્વાસ. તમારા પર લોકો ત્યાં સુધી વિશ્વાસ નહીં કરે જ્યાં સુધી તમે તમારા પર વિશ્વાસ નહી કરો. પોતાની નિષ્ફળતા માટે પરિસ્થિતિનો, અન્ય વ્યક્તિઓનો, નસીબનો વાંક કાઢતા અને સતત છટક બારીઓ શોધતા વ્યક્તિઓ આત્મવિશ્વાસ વહોણા છે. સફળતા માટે કોઇ શોટકટ છે જ નહીં. અને 'હું પ્રયત્ન કરી જ શકું ને?' એમ વિચારતા લોકો સફળ થઇને જ ઝંપતા હોય છે.

ત્રીજી મહત્વલક્ષી બાબત છે. લક્ષ્ય નિર્ધારિણ દોડવાની શક્તિ તો બધામાં છે પણ કેટલાય લોકો એવા છે કે એ જ નથી જાણતા કે તેમને ક્યાં જવાનું છે. પરિણામે તેઓ ક્યાંયે પહોચતા જ નથી. ગુમનામીમાં ખોવાઇ જાય છે. સીધી વાત છે કે તમે કંઇક ખોઓ છો અને તમને એ પણ ખબર ન હોય કે શું, કેટલું અને શા માટે ખોઓ છો તો પછી તમારી પાસેથી તમારા સહિત કોઇપણ ફિટનેસની અપેક્ષા ન રાખી શકે. આવું જ સફળતાનું અને લક્ષ્ય નિર્ધારિણનું છે.

ચોથી અગત્યની બાબત છે સખત મહેનત. મહેનત વગર ફકત વિચારો અને બુદ્ધિ દોડાવ્યા કરો તો કંઇ વળતું નથી. આ દુનિયામાં અગણિત વિચારો વ્યવહારમાં આવ્યા વગર મૃત્યુ પામતા હશે. તે જ્યાં સુધી અમલમાં નથી આવતા ત્યાં સુધી સફળતા, ક્રાંતિ કે ઇતિહાસ નથી બની શકતા અને તેને અમલમાં મુકવા સખત મહેનત કરવી પડે છે.

આમ સફળતા એ તમારી મુઠ્ઠીમાં છે. શરત એટલી છે કે તમે તેને યોગ્ય રીતે ખોલો છો અને મેળવો છો કે ઉડી જવા દો છો.

કનાલા ધર્મેન્દ્ર અરજણભાઇ
માતૃશ્રી એલ.કે.કે ગોસ્વામી
હાઇસ્કુલ, અમરેલી

વૈદિક ગણિત

વાચક મિત્રો,

ગત અંકમાં આપણે વૈદિક ગણિતની ત્રણ સરળ પદ્ધતિઓનો અભ્યાસ કરેલ હતો અને આ અંકમાં આપણે અન્ય પાંચ પદ્ધતિઓનો અભ્યાસ કરીશું અને ત્યાર બાદ સરળથી કઠીન તરફ પ્રયાણ કરી વૈદિક ગણિતની જટિલ પદ્ધતિઓનો ક્રમશઃ અભ્યાસ કરીશું. તો ચાલો તૈયાર થઇ જઇએ.....

રીત નં-૪, (૫ વડે ગુણાકાર)

કોઇપણ સંખ્યાને ૫ વડે ગુણવા માટે આપેલી સંખ્યાના અડધા કરી ૧૦ વડે ગુણવાથી પરિણામ મળે છે.

ઉદાહરણ પ્રમાણે

૮ X ૫ = ૪૦	૧૬ X ૫ = ૮૦	૩૭ X ૫ = ૧૮૫
★ ૮ / ૨ = ૪	★ ૧૬ / ૨ = ૮	★ ૩૭ / ૨ = ૧૮.૫
★ ૪ X ૧૦ = ૪૦ થાય.	★ ૮ X ૧૦ = ૮૦ થાય.	★ ૧૮.૫ X ૧૦ = ૧૮૫ થાય.

રીત નં- ૫ (૨૫ વડે ગુણાકાર)

કોઇપણ સંખ્યાને ૨૫ વડે ગુણવા માટે આપેલી સંખ્યાને ૪ વડે ભાગવી અને જો નિઃશેષ ભાગી શકાય તો પરિણામની પાછળ ૦૦ મૂકવા. ૧ શેષ વધે તો ૨૫ મૂકવા, ૨ શેષ વધે તો ૫૦, ૩ શેષ વધે તો ૭૫ મૂકવા.

૪૪ X ૨૫ = ૧૧૦૦	૫૩ X ૨૫ = ૧૩૨૫	૭૪ X ૨૫ = ૧૮૫૦
★ ૪૪ / ૪ = ૧૧ આથી ૧૧૦૦ જવાબ થાય.	★ ૫૩ / ૪ = ૧૩ તથા ૧ શેષ વધે આથી ૧૩૨૫ જવાબ થાય.	★ ૭૪ / ૪ = ૧૮ તથા ૨ શેષ વધે આથી ૧૮૫૦ જવાબ થાય.

રીત નં- ૬ (૫ વડે ભાગાકાર)

સામાન્ય રીતે ગણિતમાં ભાગાકાર એ થોડીક જટીલ તથા કંટાળાજનક લાંબી પ્રક્રિયા હોવાથી સરળ ટૂંકી રીતોની જરૂરિયાત ખૂબ જ છે. કોઇપણ સંખ્યાને ૫ વડે ભાગવી હોય તો આપેલી સંખ્યાના બમણા કરી એક દશાંશ ચિન્હ મૂકવું.

ઉદા.

૧. ૩૮ / ૫ = ૭.૬	★૩૮ X ૨ = ૭૬	★= ૭.૬ થાય.
૨. ૪૩ / ૫ = ૮.૬	★૪૩ X ૨ = ૮૬	★= ૮.૬ થાય.
૩. ૪૩૧ / ૫ = ૮૬.૨	★૪૩૧ X ૨ = ૮૬૨	★= ૮૬.૨ થાય.

યોગ્ય રીતે મહાવરો કરવાથી ભાગાકારની જટીલ લાગતી ક્રિયા પણ ખૂબ જ સરળતાથી કરી શકાય.

રીત નં- ૭ (૨૫ વડે ભાગાકાર)

કોઇપણ સંખ્યાને ૨૫ વડે ભાગવાની હોય તો પ્રથમ તે સંખ્યાને ૪ વડે ગુણો અને ત્યારબાદ બે દશાંશ ચિન્હ મૂકવાથી પરિણામ મળશે કેટલું સરળ?

ઉદા.

૧. ૮૭ / ૨૫ = ૩.૪૮	★૮૭ X ૪ = ૩૪૮	★= ૩.૪૮ થાય.
૨. ૯૩ / ૨૫ = ૩.૭૨	★૯૩ X ૪ = ૩૭૨	★= ૩.૭૨ થાય.
૩. ૫૭૭ / ૨૫ = ૨૩.૦૮	★૫૭૭ X ૪ = ૨૩૦૮	★= ૨૩.૦૮ થાય.

આમ યોગ્ય રીતે અને પૂરતા પ્રમાણમાં મહાવરો કરવાથી ૨૫ વડે ભાગાકારની પદ્ધતિ પણ આત્મસાત કરી શકાય.

રીત નં- ૮ કોઇપણ સંખ્યાનો ૨૦ વડે કે ૧૨૫ વડે ભાગાકાર

આજ પ્રમાણે કોઇપણ સંખ્યાને ૨૦ વડે ભાગવાની હોય તો ૫ વડે ગુણી બે દશાંશ મૂકવા તથા ૧૨૫ વડે ભાગવાની હોય તો ૮ વડે ગુણી ત્રણ દશાંશ મૂકવા વિચારો......!!

૧. ૪૮ / ૨૦ = ૨.૪૦	★૪૮ X ૫ = ૨૪૦	★= ૨.૪૦ થાય.
૨. ૩૪૮ / ૨૦ = ૧૭.૪૦	★૩૪૮ X ૫ = ૧૭૪૦	★= ૧૭.૪૦ થાય.
૩. ૪૩૨ / ૧૨૫ = ૩.૪૫૬	★૪૩૨ X ૮ = ૩૪૫૬	★= ૩.૪૫૬ થાય.
૪. ૩૭૩ / ૧૨૫ = ૨.૯૮૪	★૩૭૩ X ૮ = ૨૯૮૪	★= ૨.૯૮૪ થાય.



ડો. અતુલ વ્યાસ
શિક્ષણશાસ્ત્રી, શ્રી મુરલીધર હાઇસ્કૂલ, રાજકોટ

સાચી મિત્રતા

એક વખત એક જંગલમાં ભોલુ નામનું હરણનું બચ્ચું અને તેનું ખાસ દોસ્ત એવું ખિસકોલીનું હિરુ નામનું બચ્ચું રહેતાં હતા. બંને કાયમ જ સાથે રહેતા અને મોજમઝા કરતા. એક દિવસ હિરુ વિખુટું પડી ગયું.

એક... બે... ત્રણ... ચાર... દિવસથી ભોલુ તેની રાહ જોતું રહ્યું પણ હિરુ ના જ દેખાયું. આજે તો ભોલુએ નક્કી કર્યું કે હવે તો હું મારા હિરુને શોધીને રહીશ. તે તો ઉપડ્યો હિરુને શોધવા. સૌથી પહેલા તેને એક ઝાડ પર કાગડાઓને પૂછ્યું, “તમે મારા હિરુને ક્યાંય જતાં જોયો છે ખરો? કાગડાઓને તેમની દોસ્તીની ખબર હતી. તેમણે કહ્યું,” અમે પણ હિરુને ઘણા સમયથી નથી જોયુ. ભોલુ તો જવાબ સાંભળી આગળ અને આગળ ચાલવા લાગ્યો.

ચાલતાં ચાલતાં આગળ એક નદી કિનારે આવી ચડ્યો. ત્યાંના દેડકાઓ, માછલીઓ અને કાચબાઓને પણ પૂછી જોયું. તો તેમણે પણ હિરુને તો ક્યાંય જોયો નથી એવો જવાબ આપ્યો. હવે એનાથી આગળ ભોલુ તો દોડતો જાય અને કૂદતો જાય અને આગળ વધતો જાય.

હવે આગળ ભોલુને હાથી, શિયાળ અને સસલાં મળ્યાં. તેઓએ રસ્તો બતાડ્યો તે રસ્તે ભોલુ આગળને આગળ વધવા લાગ્યો.

ભોલુ તો રસ્તામાં રોકાયા સિવાય આગળ વધતો જ જવા લાગ્યો અને તેને રસ્તામાં જીરાફ મળ્યા તેમણે ભોલુને આગળનો રસ્તો બતાવ્યો તે દિશામાં ભોલુ આગળ વધવા લાગ્યો.

હવે તો ભોલુને ખૂબ થાક લાગ્યો હતો અને ધીરજ પણ ખૂટવા લાગી હતી. આગળ ચાલતાં ચાલતાં ભોલુએ એક ઝાડ પર સાપોને જોયા અને શિયાળોને જોઇને પૂછ્યું કે “મારા હિરુને તમે ક્યાંય જતાં જોયો છે ખરો?” તેઓએ દિશા બતાવી. એ દિશામાં ભોલુ આગળ વધવા લાગ્યો. હવે મને ક્યારે મારો હિરુ મળે?



થોડી વારમાં તેણે નદીમાં એક મગરને આવતો જોયો. ભોલુએ બધી વાત માંડીને મગરને કહી અને આખો દિવસ પૂરો થવા આવ્યો તોય મને હિરુ ના જ મળ્યો. હવે શું કરું? મગરે બધી વાત સાંભળીને ભોલુને ધીરજ રાખવા જણાવ્યું.

મગર તો પોતાના બધા જ મિત્રો, સગાસબંધીને ભોલુની વાત કરીને મદદ કરવા સૌને તૈયાર કર્યા અને તેઓએ એક પુલ બનાવીને તેમની પીઠ પર ભોલુને ચઢાવી નદી પાર કરાવી.

છેવટે ભોલુને સિંહોને વિનંતી કરી અને પુછ્યું, “મારા મિત્ર હિરુને તમે ક્યાંય જોયો છે ખરા?” સિંહોએ તેને કહ્યું, અમે તેને હમણાં થોડીવાર પહેલા જ જતો જોયો છે. હાલ નજીકમાં જ મળી જશે “ભોલુ તો ખૂબ ખૂશ થઇ ગયો અને સિંહોનો આભાર માનીને આગળ ચાલવા લાગ્યો.

થોડુંક જ આગળ એક ઝાડ ઉપર ભોલુએ હિરુને વાંદરાઓના બચ્ચાઓની સાથે રમતો જોયો એના જીવને નિરાંત થઇ. હાશ! આખરે મને મારો હિરુ મળ્યો ખરો.

આખરે ભોલુને હિરુ અને હિરુને ભોલુ એકબીજાને મળી ગયા. ખુશીનો પાર ના રહ્યો. હિરુએ ભોલુ દોસ્તની માફી માગી. ભોલુ કહે, “દોસ્ત દોસ્તને કામ ના આવે તો એને દોસ્ત કહેવાય ખરો?”

મિત્રતા હોય તો આવી.

બોટલમાં સમુદ્ર

1

2

કેવી રીતે બનાવશું બોટલમાં સમુદ્ર

(૧) માર્કરની મદદથી માછલીના નમૂના પ્રમાણે રંગીન સ્પંચ પર માછલી દોરો. અને તે પ્રમાણે ૨ થી ૩ માછલી જુદા જુદા સ્પંચ પર દોરો.

(૨) કાતરની મદદથી તેને કાપી લો.

(૩) જુદી જુદી માપની દોરીઓ કાપી લો. ધ્યાનમાં રાખો કે બે ઇંચ કરતા કોઈ પણ દોરી નાની રાખશો નહીં અને બરણીની લંબાઈ કરતાં લાંબી રાખશો નહીં. દરેક માછલીને દોરી સાથે ગુંદર લગાવો અને સુકાવા દો. જે પ્રમાણે ચિત્રમાં બતાવ્યું છે.

(૪) પેનની મદદથી તમારી માછલીઓની આંખ દોરો. આ થઈ ગયા પછી દોરીનો બીજો છેડો બરણીનાં ઢાંકણા પર ગુંદરથી ચોંટાડો. અને સુકાવા દો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)

(૫) બોટલ સમુદ્ર જેવી લાગે તે માટે થોડી રેતી ઉમેરો. કાળજીપૂર્વક બરણીમાં પાણી ભરો અને ચુસ્ત ઢાંકણ ઢાંકો. બરણી પર ઢાંકણ ઢાંકશો અને માછલીઓ ને તરતા જોશો પાણીમાં.

(૬) પેનની મદદથી વાદળી જાડા કાગળ પર સમુદ્રના મોજા ડ્રો કરી કાપી લો. બરણીની બહારની બાજુ ગુંદરથી તેને ચોંટાડી દો. પેનની મદદથી કાગળ પર દરિયાઈ જીવો દોરો.

(૭) બોટલમાં સમુદ્રની પ્રક્રિયા પૂરી થઈ. હવે બરણી હલાવો અને માછલીઓ તરતા જુઓ.

3

4


5

બનાવવા માટેની વસ્તુઓ

- ચોખ્ખી નાની કાચની બોટલ
- કાતર
- વાદળી જાડો કાગળ
- ગુંદર
- પાણી
- દોરી, રંગીન સ્પંચ પેન
- માછલીનો નમૂનો

6

સ્વાદિષ્ટ બ્લેકબેરી સ્મુધી

સામગ્રી

૩-૪ કપ કાપેલા જાંબુ,
૨ કપ લો ફેટ દહીં,
૧ કપ ખાંડ,
૪ ટેબલ સ્પૂન ક્રશ કરેલ બરફના ટુકડા

રીત

મિક્સરના એક બોક્સમાં કાપેલા જાબું લો, ફેટ દહીં અને ખાંડ નાખીને બરાબર મિક્સરમાં ગ્રાઇન્ડ કરી લેવું. તો તૈયાર છે જાબું સ્મુથી. ત્યારબાદ આને ગ્લાસમાં નાખીને ક્રશ કરેલ બરફના ટુકડા નાખીને સર્વ કરવું.

યોગ-૧

તાડાસન

આનાથી શરીરની સ્થિતિ તાડના ઝાડ જેવી થઈ જાય છે તેથી આ આસનને તાડાસન કહે છે.

વિધિઃ– આ આસન ઉભા રહીને કરવામાં આવે છે. એડી-પંજાને સમાંતર ક્રમમાં થોડા દૂર રાખો. હાથોને કમર સાથે સીધા અડાવી રાખો.

પછી ધીરે ધીરે હાથને ખભા સુધી ઉઠાવો ત્યારે હાથને માથા ઉપર લઈ જતા પગની એડી પણ જમીનથી ઉઠાવીને સાવધાનીથી પંજાને બળે ઉભા થઈ જાવ.

પછી ફિંગર લોક લગાવીને હાથને પંજાની વિરુદ્ધ દિશામાં વાળી દો.

ગરદન સીધી રાખો અને પછી આના વિરુદ્ધ કરતા ફરી પહેલા જેવી સ્થિતિમાં આવી જાવ.

લાભઃ- આ આસનને નિયમિત કરતા રહેવાથી પગમાં મજબૂતી આવે છે. સાથે સાથે પંજા મજબૂત બને છે અને પીંડલીયો પણ કડક થાય છે. આ સિવાય પેટ અને છાતી પર ખેંચ પડવાથી તેમની બધા પ્રકારની વ્યાધિયો નષ્ટ થાય છે. પેટ સંબંધી રોગ દૂર થાય છે. વીર્ય શક્તિમાં વૃદ્ધિ થાય છે. પાઈલ્સ રોગીઓને આનાથી લાભ મળે છે. આ આસન બાળકોનો શારીરિક ગ્રોથ વધારવામાં મહત્વપૂર્ણ છે.

ચિત્રકલા

પટેલ પ્રિયા
ધોરણ ૭, ત્રિપદા ગુરૂકુલમ, વિરમગામ

વૃશી
ધોરણ ૬, ધ રોઝરી સ્કુલ, અમદાવાદ

યશ્વી જૈન
ધોરણ ૪



વિશ્વા દરકોડા
ધોરણ ૫, દિલ્હી પબ્લીક સ્કુલ


નેહાંગ કુમાર મિસ્ત્રી
ધોરણ ૯, શ્રી સત્ય સાંઈ વિદ્યાનિકેતન, નવસારી

નુપુર ગાંધી
ધોરણ ૩, ત્રિપદા ડે સ્કુલ, અમદાવાદ

જો જો પાછા હસતા નહી

કીડી અને હાથી

કીડીએ હાથી સાથે લગ્ન કર્યા... ઘરવિહીન હાથી ઘર જમાઇ બન્યો!
એક દિવસ હાથી પોતું મારતો જાય ને રડતો જાય.
સાસુએ પૂછ્યું: 'અલ્યા એય રડે છે કેમ?'
હાથી તો ડૂસકે ડૂસકે રડવા લાગ્યો: 'આ હું ક્યારનો પોતા મારું છું ને તમારી દીકરી પગલાં પાડ્યા જ રાખે છે!!'

સ્વર્ગમાં ક્રિકેટ હશે?

બે મિત્રો જ્યંતી અને જેઠો બગીચામાં બેંચ પર દરરોજ બેસે અને કબૂતરોને ચણ આપે અને ક્રિકેટની વાતો કરે.
એકવાર જ્યંતીને અચાનક એક સવાલ મગજમાં આવ્યો અને તેણે જેઠાને પૂછ્યો, 'જેઠા! તને શું લાગે છે કે સ્વર્ગમાં ક્રિકેટ હશે?'
જેઠાએ એક મિનિટ વિચાર કરીને કહ્યું, 'મને ખબર નથી યાર.'
જ્યંતી: 'અરે કંઈ વાંધો નહિ જેઠા! એક ડીલ કરીએ જો હું પહેલા મરી જાઉં તોહું પાછો આવીને તને તેના વિશે કહીશ. અને જો તું પહેલા મરી જા તો તારે તેમ કરવાનું.'
બને એ ડીલ માટે હાથ મિલાવ્યો. થોડા દિવસ બાદ જ્યંતી નો એક્સીડન્ટ થઈ ગયો...
તેના બીજા જ દિવસે જેઠો પેલા બગીચામાં બેઠો હતો અને અચાનક જ અવાજ આવ્યો, 'જેઠા! એ જેઠા!'
જેઠો: 'અરે જેન્તીયા તું?'
જ્યંતી નુ ભુત: 'હા હું તારો મિત્ર- જેંતી!'
જેઠો: 'અરે જેંતી, શું કહે છે સ્વર્ગમાં ક્રિકેટ છે કે નહિ?'
જ્યંતી નુ ભૂત: 'એક સારા અને એખ ખરાબ સમાચાર છે.'
જેઠો: 'પેલા સારા જ કહેજે!'
જ્યંતી નુ ભૂત: 'અરે હા દોસ્ત! અહીં સ્વર્ગમાં ક્રિકેટ છે હો!'
જેઠો: 'ઊત્તમ! તો પછી બીજા કોઈ સમાચાર શું ખરાબ હોઈ શકે?'
જ્યંતી નુ ભૂત : 'તું આવતા શુક્રવારનો ઓપનીંગ બેટ્સમેન છે!'

ANNUAL PLANNER 2016-17

SINCE - 1968

ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનું પોતાનું શૈક્ષણિક સામાયિક

JULY

S	M	T	W	T	F	S
					1	2
3	4	5	6	7	8	9
10	11	12	13	14	15	16
17	18	19	20	21	22	23
24	25	26	27	28	29	30
31						

AUGUST

S	M	T	W	T	F	S
	1	2	3	4	5	6
7	8	9	10	11	12	13
14	15	16	17	18	19	20
21	22	23	24	25	26	27
28	29	30	31			

SEPTEMBER

S	M	T	W	T	F	S
				1	2	3
4	5	6	7	8	9	10
11	12	13	14	15	16	17
18	19	20	21	22	23	24
25	26	27	28	29	30	

OCTOBER

S	M	T	W	T	F	S
						1
2	3	4	5	6	7	8
9	10	11	12	13	14	15
16	17	18	19	20	21	22
23	24	25	26	27	28	29
30	31					

NOVEMBER

S	M	T	W	T	F	S
		1	2	3	4	5
6	7	8	9	10	11	12
13	14	15	16	17	18	19
20	21	22	23	24	25	26
27	28	29	30			

DECEMBER

S	M	T	W	T	F	S
				1	2	3
4	5	6	7	8	9	10
11	12	13	14	15	16	17
18	19	20	21	22	23	24
25	26	27	28	29	30	31

JANUARY

S	M	T	W	T	F	S
1	2	3	4	5	6	7
8	9	10	11	12	13	14
15	16	17	18	19	20	21
22	23	24	25	26	27	28
29	30	31				

FEBRUARY

S	M	T	W	T	F	S
			1	2	3	4
5	6	7	8	9	10	11
12	13	14	15	16	17	18
19	20	21	22	23	24	25
26	27	28				

MARCH

S	M	T	W	T	F	S
			1	2	3	4
5	6	7	8	9	10	11
12	13	14	15	16	17	18
19	20	21	22	23	24	25
26	27	28	29	30	31	

APRIL

S	M	T	W	T	F	S
						1
2	3	4	5	6	7	8
9	10	11	12	13	14	15
16	17	18	19	20	21	22
23	24	25	26	27	28	29
30						

MAY

S	M	T	W	T	F	S
	1	2	3	4	5	6
7	8	9	10	11	12	13
14	15	16	17	18	19	20
21	22	23	24	25	26	27
28	29	30	31			

JUNE

S	M	T	W	T	F	S
				1	2	3
4	5	6	7	8	9	10
11	12	13	14	15	16	17
18	19	20	21	22	23	24
25	26	27	28	29	30	

વિશ્વ વસ્તી દિવસ

અનેક રોમાંચક ઘટનાથી ભરેલી વિસમી સદી વિદાય થઇ. અને આપણે ૨૧મી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ. એવા સમયે એક વિરાટ સમસ્યા આપણી સામે આવીને ઉભી છે. તે છે વસ્તી વધોરો.

મકવાણા જેન્સી ડી
ધો. ૧૦, સી,
રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

ભારતમાં કૂદકે ને ભૂસકે વધી રહેલી વસ્તીને ડામવા માટે આપણી સરકારે ૧૧મી જૂલાઇને વિશ્વ વસ્તી દિન તરીકે જાહેર કરેલ છે. વિશ્વ વસ્તી દિન ની શાળા, કોલેજોમાં ઉજવણી કરવામાં આવે છે અને વધતી જતી વસ્તી ને લીધે ઉદભવતી સમસ્યાઓથી દેશના નાગરિકોને વાકેફ કરવામાં આવે છે.

વધતી જતી વસ્તીને નિયંત્રણમાં રાખવા માટે કુટુંબ નિયોજન અને કુટુંબ કલ્યાણ યોજનાઓ પાછળ સરકાર કરોડો રૂપિયા ખર્ચી નાખે છે. આમ છતાં આપણે વસ્તી વધારાની સમસ્યાને નિવારી શક્યા નથી. જેનું કારણ છે નિરક્ષરતા. વિશ્વ વસ્તી દિનની ઉજવણીને કારણે આપણે તેમાં થોડી ઘણી સફળતા મેળવી શક્યા છીએ.

વસ્તી વધારાની સમસ્યાનો સચોટ ઉપાય કરવાનું હવે અનિવાર્ય બની ગયું છે આ માટે સરકારે કડક કાયદા ઘડીને તેનો સખતાઇથી અમલ કરવો જોઇએ. ટી.વી. અને રેડિયો દ્વારા લોકોને “નાનું કુટંબ સુખી કુટંબ”ની પુરતી સમજ આપવી જોઇએ. દરેક મા-બાપે અટલું સમજવું જોઇએ કે ઓછા બાળકો હશે તો તેમનો સારી રીતે ઉછેર કરી શકીશું.

“કારગિલ ડે”

ભારતને ઇ.સ. ૧૯૪૭માં આઝાદી મળી ત્યારથી જ “કશ્મીર” ભારતનો તાજ બની રહ્યો. કેટલાક વર્ષો સુધી પાકિસ્તાને કશ્મીરને પોતાનું કરવા માટે પ્રયાસો ચાલુ રાખ્યા. પણ ૧૯૯૯માં તેને એવી માર ખાવી પડી કે તેણે પછીથી ક્યારેય ભારત સામે આંખ ઊંચી કરીને નથી જોયું. કારગિલ યુદ્ધ ભારત અને પાકિસ્તાન વચ્ચે થયું. જે ભારતીય સૈનિકોની વીરતાને માટે સદાયાદ રહેશે. ભારતીય સેનાને ૨૬ જુલાઇ, ૧૯૯૯ એ કશ્મીરના કારગિલ જિલ્લામાં પાકિસ્તાની આક્રમણકરીઓ દ્વારા કબ્જે કરવામાં આવેલી ઊંચી રક્ષા ચૌકીઓ ઉપર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી. આના માટે ભારતીય સેનાએ “ઓપરેશન વિજય” ચલાવ્યું હતું. જે બે

મહિના ચાલ્યું હતું. આ યુદ્ધમાં ભારતે પોતાના ૫૦૦થી વધારે જવાન વીરગતિને પ્રાપ્ત થયા જોયાં અને ૧૩૦૦થી વધારે જવાન ઘાયલ થયા. આ દિવસએ શહિદોંની યાદમાં મનાવવામાં આવે છે. જેણે હસ્તા હસ્તા માતૃભૂમિની રક્ષા કરતા કરતા વીરગતિને પ્રાપ્ત થયાં. જે વીરો આ યુદ્ધમાં શહીદ થયા હતા. તેમાંથી વધારેતો નવયુવાન હતા. જેણે પોતાની યુવાનીના ૩૦ વર્ષ પણ જોયા ન હતા. અને આ શહીદોએ ભારતીય સેનાની શૌર્ય અને બલિદાનની એ સર્વોચ્ચ પરંપરા નું નિર્વાહ કર્યું જેની સોગંદ દરેક સિપાહી તિરંગાની સામે લે છે.

“જય હિન્દ”

ગર પદ્યુમન પી.
ધો. ૧૦, બી,
રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

૧૮ જૂલાઈ નેલસન મંડેલા દિવસ

જન્મઃ- ૧૮ જૂલાઇ, ૧૯૧૮

જન્મ સ્થળઃ બાંસા નદીને કિનારે ટ્રાંસ્કી શહેરના મવેજો નામના ગામમાં

બાળપણનું નામઃ રોહિલ્હાલા (જેનો અર્થ – ઝાડની ડાળી તોડનાર નાનકડો વ્હાલો સૈતાન બાળક)

અન્ય નામોઃ- નેલસન નામ તેમને પ્રાથમિક સ્કૂલના શિક્ષક દ્વારા મળ્યું હતું
- દક્ષિણ આફ્રિકામાં મહીબાના નામથી તેમને બોલાવામાં આવતા
- કેટલાક લોકો તેમને ટાટા (પિતા) અને ખુલુ (દાદા) કહેતા
- ૧૬ વર્ષની ઉંમરે તેમને ડાલીભુગા તરીકે પણ બોલાવતા હતા
- તેઓ આફ્રિકાના ગાંધીના નામથી પણ જાણીતા હતા

વિચારધારાઃ- નેલસન મંડેલા ઘણી બધી રીતે મહાત્મા ગાંધીની જેમ અહિંસાના સમર્થક હતા. એમણે ગાંધીજીને પ્રેરણા સ્ત્રોત તરીકે સ્વીકાર્યા હતા અને એમની પાસેથી અહિંસાના પાઠ શીખ્યા હતા.

પરિચયઃ- નેલસેન મંડેલા દક્ષિણ આફ્રિકાના પ્રથમ અસ્વેત રાષ્ટ્રપતિ હતા. રાષ્ટ્રપતિ બનતા પહેલા તેઓ આફ્રિકામાં સદીઓથી ચાલી રહેલી રંગભેદની નિતિના વિરોધ કરનારા આફ્રિકા નેશનલ કોંગ્રેસના અધ્યક્ષ હતા. રંગભેદની નિતિનો વિરોધ કરવાને કારણે એમને ૨૭ વર્ષ રોબનદ્રિપની જેલમાં કેદ કરાયા હતા. જ્યાં તેમને કોલસાની ખાણમાં કામ કરવું પડ્યું હતું. ૧૯૯૦માં શ્વેત સરકાર સાથે થયેલી

એક સમજૂતી પછી એમણે નવા દક્ષિણ આફ્રિકાનું નિર્માણ કર્યું. તેઓ આફ્રિકા સહિત સમગ્ર વિશ્વમાં રંગભેદ નીતિનો વિરોધ કરનાર માટે પ્રતિક સમા બની ગયા. સંયુક્ત રાષ્ટ્રસંઘે તેમના જન્મદિવસને નેલસન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસના રૂપમાં ઉજવવાનો નિર્ણય કર્યો.

પુરસ્કારોઃ- ૧૯૯૩માં આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ફેડરીક વિલેસ ડી કલાર્કની સાથે સંયુક્ત રૂપથી નોબેલ શાંતિ પુરસ્કાર
- પ્રેસીડેન્ટ મેડલ ઓફ ફ્રિડમ
- ઓર્ડર ઓફ લેનિન
- ભારતરત્ન
- નિશાન-એ-પાકિસ્તાન
- ૨૩, જૂલાઇ ૨૦૦૮માં ગાંધી શાંતિ પુરસ્કાર

નિધનઃ- ૫, ડિસેમ્બર ૨૦૧૩

નિધન સ્થળઃ- જહોનીસબર્ગમાં

ગોહેલ બંસી બી.
ધો. ૧૦, સી,
રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

ચાઈલ્ડ લેબર ડે / બાળ મજૂરી દિવસ

૧૨ જૂન એન્ટી ચાઇલ્ડ લેબર ડે! આઇ.એલ.ઓ ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન દ્વારા આ દિવસે દુનિયામાંથી બાળમજૂરીની સમસ્યા હલ કરવા માટે પ્રયત્નો થાય છે. સામાન્ય રીતે ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો ને યુવાન માનવામાં આવે છે એટલે આથી ઓછી ઉંમરના બાળકો થયા! પણ નહીં, આપણા દેશમાં આ શક્ય નથી. આપણા દેશમાં કાયદા પ્રમાણે બાળકો – કિશોરો – યુવાનોને અલગ અલગ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. ૧૨ થી ૧૪ વર્ષના બાળકો, ૧૪ થી ૧૬ વર્ષના કિશોરો, ૧૬ થી ૧૮ વર્ષના યુવાનો આ રીતે બાળકોને કામ કાજ માટે અમુક છૂટ આપવામાં આવી છે. ૧૮ વર્ષથી નાની ઉંમરના કિશોરો હળવી મહેનતનું કામ કરી શકે. પેકેજીગ કે હળવા સામાનને લગતા કામ કરી શકે. બાળકના માતા પિતા સાથે વાત કરવી અને બાળકોને ભણાવવા માટે સમજાવવા. ટુંકમાં કહીએ તો આપણી થોડી મહેનત, સમય અને જાણકારીથી બાળકના ભણવાની વ્યવસ્થા થઇ શકે છે. આપણે તસ્દી લેવાની છે. આપણી આજુબાજુ નજર કરીએ તો આવા કેટલાય બાળકો મળી આવશે. કોઇ એક બાળકને પણ સ્કૂલનો રસ્તો બતાવી શકો તો એ દેશ સેવા જ છે.

\- ગર પદ્યુમન પી.

મહારાણા પ્રતાપ

મહારાણા પ્રતાપ (૯મી મે, ૧૫૪૦ – ૨૯મી જાન્યુઆરી ૧૫૯૭) ઉદેપુર, મેવાડમાં સિસોદીયા રાજવંશના રાજા હતા. એમનું નામ ઈતિહાસમાં અપ્રતિમ વીરતા બતાવવા માટે તેમજ સખત પ્રતિજ્ઞા પાળવા માટે અમર થઇ ગયુ છે. એમણે કેટલાય વર્ષો સુધી મોઘલ સમ્રાટ અકબર સાથે પોતાનું સામ્રાજ્ય ટકાવી રાખવા તેમજ પાછુ મેળવવા માટે સંઘર્ષ કર્યો હતો.

એમનો જન્મ રાજસ્થાન પાલી શહેરમાં મહારાણા ઉદયસિંહ અને રાણી જીવંત કંવરના ઘરમાં થયો હતો કેટલાક ઈતિહાસકારોનું માનવું છે કે તેમનો જન્મ કુભંલગઢ (હાલના રાજસમંદ જિલ્લા)માં થયો હતો. ૧૫૭૬માં હલ્દીઘાટના યુધ્ધમાં દુશ્મનોથી બચાવ્યા દુશ્મનોથી ઘેરાઈ ચુકેલા મહારાણા પ્રતાપને શક્તિસિંહે બચાવ્યા આ યુદ્ધ માત્ર એક દિવસ ચાલ્યુ હતું પરતું તેમાં ૧૭,૦૦૦ સૌનિકો ખુવાર થઈ ગયા મેવાડને જીતવા માટે અકબરે બધા પ્રયાસો કર્યા મહારાણાના ૨૫,૦૦૦ રાજપુતોને ૧૨ વર્ષ સુધી ચાલે તેટલું અનુદાન આપીને ભામાશા અમર થઈ ગયા.

સફળતા અને અવસાન

ઈસ. ૧૫૭૯થી ૧૫૮૫ સુધી પુર્વ ઉત્તરપ્રદેશ, બંગાળ, બિહાર તથા ગુજરાતના મોગલ આધીન પ્રદેશોમાં વિદ્રોહ થવા લાગ્યો હતો, પરિણામે અકબર આમ જ ગુચવાયેલો રહ્યો અને મેવાડ પરથી મોગલોનો દબાવ ઘટી ગયો અને આ તકનો લાભ ઉઠાવી મહારાણા પ્રતાપે ઈસ. ૧૫૮૫માં મેવાડ મુક્તિ પ્રયત્નો તેજ કરી દીધા. મહારાણાની સેનાએ મોગલ ચોકીઓ પર આક્રમણ શરૂ કરી દીધા અને તરત જ ઉદયપુર સહિત ૩૬ મહત્વપૂર્ણ સ્થાનો પર મહારાણાનું આધિપત્ય થઈ ગયું. મહારાણા પ્રતાપ જે સમયે સિહાસન પર બેઠા તે સમયે જેટલો મેવાડ પર તેમનો અધિકાર હતો, લગભગ તેટલા જ જમીન ભાગ પર તેમની સત્તા સ્થાપિત થઈ ગઈ. ૧૨ વર્ષના સંઘર્ષ પછી પણ અકબર તેમા કોઈ પરિવર્તન કરી શક્યો નહી અને આમ મહારાણા લાંબા ગાળાના સંઘર્ષ પછી મેવાડને મુક્ત કરવામાં સફળ રહ્યા અને આ સમયે મેવાડ માટે એક સુવર્ણ યુગ સાબિત થયો. મેવાડ પર લાગેલા આ ગ્રહણનો અંત ઈસ. ૧૫૮૫માં થયો ત્યારબાદ મહારાણા પ્રતાપ પોતાના રાજ્યની સુખ-સાધનામાં જોડાઈ ગયા, પણ દુર્ભાગ્યે લગભગ ૧૧ વર્ષ પછી જ ૨૯ જાન્યુઆરી ૧૫૯૭ એ તેમની નવી રાજધાની ચાવંડમાં તેમનું અવસાન થયું. તે સમયે તેઓ ફક્ત ૫૭ વર્ષના જ હતા.

સનકાળઃ	**૧૫૬૮-૧૫૯૭**
જન્મઃ	**૯ મે, ૧૫૪૦**
અવસાનઃ	**૨૯ જાન્યુઆરી, ૧૫૯૭ (આયુ ૫૭ વર્ષ)**
વંશ- ખાનદાનઃ	**સૂર્યવંશી, રાજપુત**
પિતાઃ	**મહારાણા ઉદયસિંહ (બીજા)**
માતાઃ	**મહારાણી જીવંતબાઇ**
સંતાનઃ	**ત્રણ પુત્રો અને બે પુત્રીઓ**
ધર્મઃ	**હિંદુ**
જન્મતિર્થઃ	**જેઠ સુદ ત્રીજ (મહારાણા પ્રતાપ જન્મજયંતિ ઉત્સાહ)**

મહારાણા પ્રતાપના મૃત્યુ પર અકબરની પ્રતિક્રિયા

અકબર મહારાણા પ્રતાપનો સૌથી મોટો શત્રુ હતો. પણ તેમની આ લડાઈ જોઈ કોઈ વ્યક્તિગત દ્વેષનું પરિણામ ન હતું. જોકે સિદ્ધાંતોની લડાઈ હતી એક હતો જે પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવા માગતો હતો જ્યારે એક પોતાની માતૃભમિનો શત્રુઓથી બચાવવા સંઘર્ષ કરતા રહ્યા મહારાણા પ્રતાપના મૃત્યુ પર અકબરને ઘણું જ દુ:ખ થયું કેમ કે હૃદયથી તે મહારાણા પ્રતાપના ગુણોનો પ્રશંસક હતો આ સમાચારથી અકબર રહસ્યમય રીતે મૌન થઈ ગયો અને તેની આખોમાં આસુ, ‘પોતાની માતૃભમિની રક્ષા માટે પોતાનું સંપૂર્ણ જીવન ન્યોછાવર કરી દેનાર એવા વીર શિરોમણિ મહારાણા પ્રતાપને કોટી-કોટી, શત-શત પ્રણામ.’

— ગોહેલ બંસી બી.

શાળા ના શિક્ષણ ને પોતાની શિક્ષા માં દખલ ના કરવા દો. - **માર્ક ટ્વૈન**

રોબોટનો રસપ્રદ ઇતિહાસ

સામાન્ય રીતે ઘણાં બધા કામ કરી શકતા, હાલીચાલી શકતા અને બોલી શકતા માણસના આકારના મશીનને રોબોટ કહેવાય છે. પરંતુ કેટલાક ખાસ પ્રકારનાં કામ કરી આપતા વિવિધ આકારનાં યંત્રોને પણ રોબોટ જ કહેવાય છે. કોઇ કારખાનામાં બનતી નાની મોટી વસ્તુઓને એક સ્થળેથી બીજે સ્થળે ખસેડી આપનાર માત્ર હાથ આકારના મશીનને પણ રોબોટ કહેવાય. જોકે તે આગાઉથી નક્કી કરેલા પ્રોગ્રામ મુજબ પોતાની મેળે નક્કી કરેલું કામ કરી શકતો હોય છે. આજે રોબોટિક્સ અને વિજ્ઞાનનું અલગ ક્ષેત્ર બની ગયું છે અને આશ્ચર્યજનક કામો કરી આપે તેવા રોબોટ બને છે. રોબોટનો ઈતિહાસ પણ રસ પડે તેવો છે. અઢી હજાર વર્ષ રહેલા ગ્રીક એન્જિનિયર તેસીબસે પાણીના પ્રવાહ વડે ઓપમેળે ચાલતી ધડિયાળ બનાવેલી.

વિજ્ઞાનની કલ્પનાકથાઓ લખનારા લેખકોએ જાતજાતના યંત્રોની કલ્પના કરી વાર્તાઓ અને નાટકો પણ લખેલા છે. ૧૯૨૧માં ઝેક લેખક કારેલ સેપેક ‘રોસમ્સ યુનિવર્સલ રોબોટ’ નામનું નાટક લખેલું. તેમાં એક માણસ રોબોટ બનાવે છે અને તે રોબોટ તે માણસને જ મારી નાખે છે તેવી વાર્તા હતી. આ નાટક લોકપ્રિય થયેલું અને ત્યારથી રોબોટ શબ્દ પણ પ્રચલિત થયો.

૧૯૪૮માં બ્રિટનના વિલિયમ ગ્રે વોલ્ટરે ઈલેક્ટ્રોનિકનો ઉપયોગ કરીને સર્કીટ વાળા એલ્મર અને એલ્સી નામનો માણસના આકારના રોબોટ બનાવી રોબોટિક્સનો પાયો નાખ્યો. ૧૯૫૬માં જ્યોર્જ ડવીલ નામના વિજ્ઞાનીએ માત્ર એક યાંત્રિક હાથ બનાવ્યો. આ હાથ અગાઉથી નક્કી કરેલા પ્રોગ્રામ દ્વારા અનેક કામ કરી આપતો. ૧૯૬૩માં રાંચી આર્મ નામનો માત્ર હાથ આકારનો રોબોટ બન્યો. કોમ્પ્યુટર દ્વારા સંચાલિત આ હાથમાં છ સાંધા હતા અને અપંગ માણસને ઉપયોગી થતો. આ પાયાના રોબોટ બન્યો પછી આ ક્ષેત્રે ઘણાં સંશોધનો થયાં છે અને આજે માણસ જેવા જ હાવભાવ અને વર્તન કરતા રોબોટ બને છે.

પાણીની જાણકારી

- પાણી પૃથ્વીની સપાટીના ૭૧% ભાગને રોકે છે. છતાં સમગ્ર પૃથ્વી ઉપર પાણીનો જથ્થો પૃથ્વીના કુલ દળના ૦.૦૨૫ ટકા જ થાય છે.
- પૃથ્વી પરના પાણીના જથ્થાનો ૯૭.૨% ભાગ સમુદ્રમાં સમાયેલો છે.
- પૃથ્વીના સમુદ્રોમાંથી દર કલાકે ૫૦ ઘન કિલોમીટર પાણી બાષ્પીભવન થઈ હવામાં વરાળ સ્વરૂપે મળે છે.
- પ્રવાહી સ્વરૂપે પાણી સમુદ્ર, સાગર, તળાવ, નદી, ઝરણુ, ધોધ, સરોવર કે ખાબોચિયા આદિમાં મળી આવે છે. પાણી ઘન પ્રવાહી અને વાયુ સ્વરૂપે વાતાવરણમાં મળી આવે છે. ભૂગર્ભ તળાવ સ્વરૂપે તે જમીન નીચે પણ અસ્તિત્વ ધરાવે છે.
- એન્ટાર્કટિકાની હિમ ચાદરમાં પૃથ્વીના મીઠા પાણીનો ૬૧% ભાગ સમાયેલ છે. જેને પૃથ્વીને તળીયે જોઈ શકાય છે.
- કોઈ પણ સાર વિનાનું સંપૂર્ણ શુદ્ધ પાણી પી શકાતું નથી. આ પાણી જીભ ઉપરથી ક્ષાર અને ખનિજોને શોષી લે છે અને ગળું સુકાય છે. પીવા માટેના પાણીમાં સાર જરૂરી છે.
- વાતાવરણમાં પાણીની વરાળના થીજેલા સ્વરૂપને વાદળા તરીકે જોઈ શકાય છે. જે પૃથ્વીની પરાવર્તન સમતાને મઠારે છે.
- પૃથ્વી સૌર મંડળના વસવાટ યોગ્ય ક્ષેત્રમાં આવેલ છે, જો પૃથ્વીનું સૂર્યથી સ્થાન (૫% કે ૮૦ લાખ કિમી) પણ આગળ પાછળ હોત, તો પાણીની એક સાથે ત્રણે સ્થિતિમાં અસ્તિત્વ ધરાવવાની શક્યતા ઘટી જાય.
- આપણા ઘણા ખોરાકમાં પુષ્કળ પાણી હોય છે. જેમકે દૂધમાં ૯૦%, કાકડીમાં ૯૫%, ટામેટામાં ૯૫% અને બટાકામાં ૭૫% ટકા પાણી હોય છે.

રંગ પૂરણી

ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૭-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ

નામ: ____________

સ્કૂલનું નામ: ____________

ધોરણ: ____________ **મો.નં.:** ____________

ફોટો



૧ બ્રાઉન

૨ ઓરેન્જ

૩ બ્લુ

૪ પીળો

૫ લીલો

આપેલા ચિત્રમાં બતાવેલા રંગ પૂરો



ચિત્રની ગણતરી કરી આંકડા સાથે જોડો



ચાલો શીખીએ સિંહ દોરતા



સરખા દેખાતા બે ચિત્રમાં છ તફાવત છે તે શોધો



ટપકા જોડી બરણી પૂર્ણ કરો

આપેલી ઇયળના પગ દોરી ચિત્ર પૂર્ણ કરો



બાજુમાં આપેલા ચિત્રમાં ખાવાની વસ્તુઓ આપેલી છે અને અમુક વસ્તુઓ ખાવાની વસ્તુઓથી જુદી આપેલી છે જુદી આપેલી વસ્તુઓ પર ગોળ કરો



આપેલી ટોપીઓની ગણતરી કરી સાચી સંખ્યા લખો



કાંગારું ને તેનું બચ્ચુ શોધવામાં મદદ કરો



આપેલા ચિત્રને સાચા ક્રમમાં ગોઠવો



આપેલા અડધા ચિત્રને તેના બીજા ભાગ સાથે જોડો

ઉંદરને ઘડિયાળ જોતા શિખવામાં તેની મદદ કરીએ અને સાચો સમય લખીએ



યોગ ભગાવે રોગ

તા. ૨૧મી જુનના રોજ સરસ્વતી સ્કૂલના સંચાલકો શ્રી પ્રદિપભાઇ ખીમાણી, શ્રી જગદીશભાઇ ખીમાણી, શ્રી નરેશભાઇ ખીમાણી અને શ્રી રઘુભાઇ ખીમાણીના માર્ગદર્શન હેઠળ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સ્કૂલના ૨૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત સરસ્વતી સ્કૂલમાં "યોગ ભગાવે રોગ" વિષય પર સેમિનાર તથા વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સોજા હાઇસ્કૂલના ઉપક્રમે વિશ્વ યોગ દિવસની અનેરી ઉજવણી

કલોક તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા "શેઠ એચ.એમ.સાર્વજનિક હાઇસ્કૂલ, સોજા"ના ઉપક્રમે 'વિશ્વ યોગ દિવસની ઉજવણી' કરવામાં આવી હતી. શાળાના N.C.C ના યુનિટના ૫૦ વિદ્યાર્થીઓ અને શાળાના આચાર્યશ્રી (A.N.O) ગુજરાત સરકારશ્રીના આદેશાનુસાર GMDC ગ્રાઉન્ડ ખાતે આયોજીત સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા.

શાળાના પૂર્વ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યામિક અને ઉચ્ચતર માધ્યામિક વિભાગના તમામ અધ્યેતા ભાઇ-બહેનો અને સારસ્વત મિત્રો શાળા પટાંગણમાં સામૂહિક યોગ સાધના કાર્યક્રમ માટે એકઠાં થયા હતા. શાળાના યોગ સ્વા.શા.શિક્ષણના શિક્ષકશ્રી સંજયભાઇ નાયકની રાહબરી- માર્ગદર્શન હેઠળ સૌએ યોગ-આસન-કસરતના વિવિધ દાવ-મુદ્રા સહિત કાર્યક્રમને માણ્યો હતો.

"જીવનમાં યોગ-સાધનાનું મહત્વ" વિષય પરત્વે તલસ્પર્શી વક્તવ્ય શ્રી નાયક સાહેબે રજૂ કર્યું હતું. વિજ્ઞાન શિક્ષકશ્રી રાકેશ પ્રજાપતિ અને કલા શિક્ષણશ્રી ભરત પટેલે પણ યોગ-વ્યાયામ-સ્વાસ્થ-સ્વચ્છતા વગેરે વિષય અન્વયે ઉપયોગી સૂચનો-મંતવ્યો-અભિપ્રાયો-માર્ગદર્શન-અભિપ્રેરણ પૂરું પાડ્યું હતું. એકંદરે સદર કાર્યક્રમ સુંદર, સુચાર, સુવ્યવસ્થિત, અનુકરણીય, અભિપ્રેરક, આવકાર્ય, પ્રશંસનીય બની રહ્યો હતો.

રામેશ્વર શિક્ષણ સંકુલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

આંતરરાષ્ટ્રી યોગ દિન નિમિતે પૂર્વ અમદાવામાં અ.મ્યુ.કો. અને પતાંજલી સંસ્થા તરફથી યોજાયેલ યોગ શિબિરમાં શાળાના બાળકોએ મેયર શ્રી ગૌતમભાઇ શાહ, કાનૂન મંત્રી શ્રી જયદિપસિંહ જાડેજા તથા કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ચટ્ટા સાહેબની હાજરીમાં યોગ શિબિરમાં ભાગ લઇને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી.

"નાસા" શૈક્ષણિક પ્રાવસ

આ વર્ષે અમરજ્યોતિ સરસ્વતી ઇન્ટર નેશનલ સ્કૂલ, અમરજ્યોતિ સરસ્વતી વિદ્યાલય અને સિલ્વર બેલ્સ પબ્લીક સ્કૂલે સામાન્ય પ્રવાસમાં અલ્પ પ્રમાણમાં માહિતી અને આનંદ મળતો હોય છે તેનાથી વિરુધ્ધ વિદ્યાર્થીઓને નાસા કેનેજી સ્પેસ સેન્ટર, ફ્લોરિડા યુ.એસ એ તરફથી અવકાશયાનને અંતરિક્ષમાં ગોઠવીને મુકવાની સારી તક મળી.

આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓએ ઘણીબધી જાણકારી મેળવીને આવ્યા છે. બે મહિનાથી ૨૦ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા મહેનત કરી રહ્યા હતા. બાર દિવસની લાંબી મુસાફરી બાદ વિદ્યાર્થીઓએ 'નાસા' સેન્ટરની મુલાકાત લીધી. આ સાથે લોકોએ એક અઠવાડિયાનો સમય મુસાફરી અને તાલીમમાં પસાર કર્યો. તે ઉપરાંત તેમણે ખગોળ-શાસ્ત્રીઓ સાથે અવકાશયાનને મુકવા અને પાછા લાવવાની સગવડતાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી. તે ઉપરાંત સ્પેસ શટલ, શટલ બનાવવાની સાઇટ, રોબોટ્સ અને શટલ ચલાવવાની પ્રવૃતિઓ કરી.

વિદ્યાર્થીઓને પોતાના સ્વપ્નોને સાકાર કરવાની તક 'નાસા' દ્વારા પ્રાપ્ત થઇ.

ડૉ. હેમંત પંડ્યા લિખિત નવલકથા'હેલ્લો મિસ્ટર સત્યમ'નું વિમોચન

શિક્ષણ, ચિત્રકલા અને ફોટોગ્રાફી ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર ડો. હેમંત પંડ્યાએ 'હેલ્લો મિસ્ટર સત્યમ!' નવલકથા લખીને સાહિત્યક્ષેત્રે ડગ માંડ્યો છે. આ પુસ્તકનું અગ્રેજીમાં અનુવાદ કવિ અશોક મુનશીએ કર્યું છે.

ડો. હેમંત પંડ્યા લિખિત આ પ્રથમ નવલકથાનું વિમોચન પત્રકાર રમેશ તન્ના તથા વિશ્વ હિન્દૂ પરિષદના ડો. કૌશિકભાઇ મહેતાની ઉપસ્થિતિમાં નવજીવન પ્રેસ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

ડો.હેમંત પંડ્યા અમદાવાદના નિકોલ ગામના વતની છે અને ગામની રામેશ્વર સ્કૂલમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. શિક્ષણ, ચિત્રકલા, ફોટોગ્રાફી ક્ષેત્રે તેમણે નોંધપાત્ર સિદ્ધિઓ તથા પુરસ્કાર, પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા છે. અગાઉ તેમની સાત પુસ્તિકાઓ પ્રકાશિત થઇ ચૂકી છે અને વિવિધ સામાયિકો, સમાચાર પત્રોમાં તેમના લેખ, તસવીરો પ્રકાશિત થાય છે.

દિલ્હી પ્રેસના 'એલાઇવ' મેગેઝિનમાં ૬૦ જેટલા પુરસ્કાર પ્રાપ્ત કરનાર તેઓ એકમાત્ર ગુજરાતી તસવીરકાર છે અને દિલ્હીની એન્જીઓ 'અવંતિકા' તરફથી ૧૦ વખત સન્માનિત થનાર એકમાત્ર ગુજરાતી પ્રિન્સિપાલ છે.

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad. All articles have been selected and scrutinized by the Chief Editor Ms Hemangini Rajput, The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386